જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૩૧/૦૮/૨૦૧૭ ગુરૂવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

પોલીસ કોન્સ્ટેબલ વિરૂધ્ધ લીધેલ ત્વરીત પગલા : સમાચાર યાદી નં.૧૭૫૩/૧૭

અમદાવાદ શહેર શાહીબાગ પોલીસ હેડ ક્વૉટર, "એમ-૨" કંપની ખાતે ફરજ બજાવતાં આ.પો.કો. બ.નં.૨૭૯૨ મનીષ બળવંતભાઇ વલવી નાની વિરૂધ્ધ મહિલા (પૂર્વ) પોલીસ સ્ટેશન ખાતે ફ.ગુ.ર.નં. ૨૬/૨૦૧૭ ઇપીકો કલમ ૩૫૪(ડી), ૫૦૬(૨) હેઠળ તા.૩૦/૮/૧૭ નાં રોજ ગુનો દાખલ થયેલ હોઇ, જે ગંભીર ગેરવર્તુણુક થકી પોલીસની છબી ખરડાય તેમ હોઇ, તેમની ગેરવર્તુણુકઅંગે ગંભીરતા થી ત્વરીત પગલા લેતાં, આજરોજ થી તેઓને ફરજ મોકુફી હેઠળનો હુકમ આપવામાં આવેલ છે.

નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયા :- સમાચાર યાદી નં.૧૭૫૪/૧૭

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ૫૩ કેસ કરી, ૪૧ વ્યક્તિઓને ઝડપી, ૨૯૧ લીટર દેશી દારૂ, ૧૪ બોટલ ઇંગ્લીશ દારૂ અને ૦૧ એક્ટીવા કબજે કરી હતી. તેમજ જુગારધારા હેઠળ ૦૩ કેસ કરી, ૨૭ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૮૬,૪૧૦/- અને જુગારનાં સાધનો કબજે કર્યા હતા.

તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૧૭૫૫/૧૭

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૧૨૧ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી-૯૩ મુજબ૦૭ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૦૨ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**નવજાત શીશુ ત્યજી દિધુ :- સમાચાર યાદી નં.૧૭૫૬/૧૭**

**શાહીબાગ :** આનંદભાઇ મફતભાઇ પટેલ (ઉ.વ.૨૫)(રહે,અર્જુન કોમ્પ્લેક્ષ મનોરવા હોલની પાસે અંકુર રોડ નારણપુરા) એ શાહીબાગ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨૭/૦૮/૧૭ રાતનાં ૯/૪૫ થી તા.૩૦/૮/૧૭ નાં કોઇપણ સમયે શાહીબાગ સિવિલ હોસ્પીટલ ખાતેનાં એ/૫ વોર્ડમાં કનૈયાલાલ નામનો ઇસમ (જેનુ પુરૂ નામ-ઠામ જાણવા મળેલ નથી)એ તાજા જન્મેલા શીશુનો જન્મ છુપાવવા ના ઇરાદે એક તાજુ જન્મેલ શીશુ હોસ્પીટલમાં ત્યજી દઇ ચાલી ગયેલ છે આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી કે.એન.સોલંકી ચલાવે છે.

**ઘરફોડ ચોરી :-** **સમાચાર યાદી નં.૧૭૫૭/૧૭**

**ઘાટલોડીયા :** ગુરવિન્દરસિંગ અમરજીસિંગ પાબળા(શીખ) (રહે,કર્મચારીનગર વિ-૨ ઘાટલોડીયા) એ ઘાટલોડીયા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨૯/૦૮/૧૭ રાતનાં ૧૧/૦૦ થી તા.૩૦/૮/૧૭ સવારનાં ૮/૦૦ સુધીનાં સમયગાળા દરમ્યાનપોતાના ઘરનાં દરવાજાની સ્ટોપર ખોલી, અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી, બેડરૂમની તિજોરીમાંથી સોના-ચાંદીના દાગીના તથા અન્ય ચીજ વસ્તુઓ મળી કુલરૂપિયા ૧,૭૦,૦૦૦/- મતાની ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી બી.ડી.વાઘેલા ચલાવે છે.

**લુંટ :-** **સમાચાર યાદી નં.૧૭૫૮/૧૭**

**શાહીબાગ :** પ્રતિકભાઇ S/O ધનશ્યામભાઇ મહેતા (ઉ.વ.૨૧)(રહે,ગામ: મેટોડા, બ્રીજવિહાર એપાર્ટમેન્ટ અંજલી પાર્ક તા.જી રાજકોટ) એ શાહીબાગ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨૯/૦૮/૧૭ રાતના ૧૧/૩૦ થી ૧૨/૦૦ વાગ્યા દરમ્યાન કાલુપુર રેલ્વે સ્ટેશનની બહાર રોડ પરથી શાહીબાગ અસારવા રેલ્વે યાર્ડ પાસે આવેલ જુની લાઇન સુધીની ઓટોરીક્ષાની મુસાફરી બાદ રીક્ષા ચાલક તથા તેની સાથેના ત્રણ અજાણ્યા ઇસમો (૨૦ થી ૨૫ વર્ષના આશરાના) ભેગામળી પ્રતિકભાઇ હાથમાંથી મોબાઇલ ફોન કિંમત રૂપિયા ૩,૦૦૦/-, ગળામાં પહેરેલ સોનાની ચેઇન કિંમત રૂપિયા ૨૮,૦૦૦/- તેમજ પ્રતિકભાઇનાં પાકિટમાંથી રોકડા રૂપિયા ૨,૦૦૦/- તથા અસલ ચુટણીકાર્ડ, આધારકાર્ડ તથા બે ATM કાર્ડ ની લુંટ કરી નાસી ગયા છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એમ.એ.પટેલ ચલાવે છે.

**સોનાની ચેઇન ખેંચી તોડી લઇ ગયા :-** **સમાચાર યાદી નં.૧૭૫૯/૧૭**

**ચાંદખેડા :** પુજાકુમારી પ્રભાત મણી (ઉ.વ.૨૯)(રહે,સાનિધ્ય-૨ કે.બી.રોયલ અલ્ટેઝાની પાસે ચાંદખેડા) એ ચાંદખેડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૩૦/૦૮/૧૭ સાંજના ૫/૧૫ વાગ્યાનાં સુમારે માનસરોવર રોડ, નારાયણસર્કલ થી ધરતી સિલ્વર ફ્લેટ સામે આવેલ રોડ ઉપર ચાલતા પસાર થતા હતા દરમ્યાન એક મોટર સાયકલ ઉપર આવેલ બે અજાણ્યા પુરૂષ પુજાકુમારીનાં ગળામાંથી સોનાની ચેઇન કિંમત રૂપિયા ૨૦,૦૦૦/- મતાની ખેંચી તોડી લઇ નાસી ગયા છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી એમ.એમ.વાઢેર ચલાવે છે.

**કૃષ્ણનગર :** રસિકભાઇ વિરજીભાઇ હીરાબરી (ઉ.વ.૫૪)(રહે,શ્રીજી એપાર્ટમેન્ટ આકાશગંગાની સામે સેન્ટમેરી સ્કુલની પાછળ આદિશ્વર નરોડા) એ કૃષ્ણનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૩૦/૦૮/૧૭ ના કલાક ૭/૩૦ વાગ્યાનાં સુમારેઆકાશગંગા બંગ્લોઝ વિભાગ૧ સામે રોડ ઉપરથી ચાલતા પસાર થતા હતા દરમ્યાન એક મોટર સાયકલ ઉપર આવેલ બે અજાણ્યા પુરૂષ રસિકભાઇનાં ગળામાંથી સોનાની ચેઇન કિંમત રૂપિયા ૧,૦૦,૦૦૦/- મતાની ખેંચી તોડી લઇ નાસી ગયા છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી એ.એસ.અસારી ચલાવે છે.

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.